©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI ] FRIDAY, 14th NOVEMBER, 2025/KARTIKA 23, 1947 [ No. 42**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-I EXTRAORDINARY**

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/સ્પા/રીન્યુ/૫૩૧/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

## જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૪૩૨/૨૦૨૫.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં અમરેલી જિલ્લાના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યપાર તથા અન્ય ગેરકાયેદસર કૃત્યો ચલાવતા હોવાનું જણાવય આવેલ છે. કેટલાક અસામજિક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય આવેલ હોઈ સ્પા/મસાજ પાર્લરના માલીકો અગરતો આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા તથા ફોટોગ્રાફસ સાથેની સંપૂર્ણ વિગત SOG ઓફિસ તથા જે-તે પોલીસ સ્ટેશનો ખાતે આપવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ચકાસતા, અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોની આડમાં થતા ગુન્હાહીત કૃત્યો અટકાવવા અને જાહેર સલામતી અને શાંતિ જાળવવાના ઉદેશથી સ્પા/મસાજ પાર્લરોની માહિતી SOG કચેરી તથા જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી છે. જે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું, **અજય દહિયા (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

અમરેલી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો તથા સંચાલકોએ સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટો ગ્રાફસ સાથેની નીચે મુજબની માહિતી જે-તે પોલીસ સ્ટેશને આપવી રહેશે. સ્પા/મસાજ પાર્લરમાં રેકોર્ડીંગની સુવિધા સાથે સી.સી.ટી.વી. એન્ટ્રી, રિસેપ્શન તથા કોમન એરીયામાં ફરજીયાત રાખવાના રહેશે. તેમજ ૩૦ દિવસ સુધીના સી.સી.ટી.વી. રેકોર્ડીંગની સંપૂર્ણ માહિતી સાથે સાચવી રાખવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને જરૂર પડ્યે આ માહિતી આપવાની રહેશે. આ અંગે જે-તે પોલીસ સ્ટેશનના ઓફિસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ | સ્પા/મસાજ પાર્લરનું નામ, માલિક/ સંચાલકનું નામ તથા સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં., ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે | સ્પા/મસાજ પાર્લરમાં અન્ય કોઈ પાર્ટનર જોડાયેલ હોય તો તેનું નામ તથા સરનામું, મો. નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. ફોટો વિગેરે | સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા તમામ કર્મચારીની સંપૂર્ણ વિગત | | સ્પા/મસાજ પાર્લરની જગ્યાની વિગત-(૧) જગ્યા પોતાના નામે હોય તો બિડાણમાં કાગળોની નકલ જોડવાની રહેશે. (૨) ભાડેથી હોય તો ભાડાકરારની નકલ જોડવાની રહેશે. |
|---|---|---|---|---|---|
| | | | (૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા, નામ, હાલનું સરનામું, મુળ વતનનું સરનામું, મો.નંબર, આધારકાર્ડ નં, ડ્રાઈવિંગ લાઈસન્સ નં. કુટુંબના સભ્યોના વિગત, ફોટો વિગેરે | (૨) જો તેઓ વિદેશી હોય તો-હાલનું સરનામું, મુળ સરનામું, મો. નંબર, પાસપોર્ટની વિગત(પાસપોર્ટ તથા વિઝાની નકલ), કયા વિઝા પર ભારતમાં આવેલા છે તેની વિગત, ફોટો વિગેરે. | |
| | | | | | |

| ૨ | સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી | કામ કરતા કર્મચારીની સહી | સાક્ષીનું નામ, મોબાઈલ નંબર, સહી, ફોટો |
|---|---|---|---|
| | | | |

| ૩ | **નિયમો :**<br>(૧) આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>(૨) આ વિગત સંપૂર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>(૩) આ વિગત સંપૂર્ણ ભરાયા પછી તેની ત્રણ નકલ કાઢવાની રહેશે. ત્રણેય નકલમાંથી એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં તથા એક નકલ એસ.ઓ.જી. ઓફિસ ખાતે આપવાની રહેશે. તેમાંથી એક નકલ પોલીસ સ્ટેશનના સહિ સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>(૪) સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજુ કરવાના રહેશે.<br>(૫) સ્પા/મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોના આઈ.ડી. પ્રુફ મેળવી તે અંગેની વિગત રજીસ્ટર ખાતે નિભાવવાની રહેશે. |
|---|---|

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ ઉકત તમામ સ્થળોએ જવાબદાર વ્યકિતઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦ જૂન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જૂન, સને ૨૦૨૫.

**અજય દહિયા**
જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

**વંચાણે લીધા :**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર નં. : SSC/ HSC/પુરક/પરીક્ષા/જાહેરનામું/2025/4655, તા. ૦૬-૦૬-૨૦૨૫.

## હુકમ

નં. નાચિ/પલસ/વશી/૫૫૮/૨૦૨૫-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૦૬-૦૬-૨૦૨૫ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી ૦૩-૦૭-૨૦૨૫ સુધી યોજાનાર (૧) S.S.C. ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા, (૨) H.S.C. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, (૩) H.S.C. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પુરક પરીક્ષાઓ અન્વયે અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર સદરહુ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેક્સ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ તથા લાઉડ સ્પીકર પર પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહિ. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલા કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૦૬-૦૬-૨૦૨૫ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

**ધોરણ-૧૦ પુરક પરીક્ષા-૨૦૨૫ના કેન્દ્રો :**

| ક્રમ | તાલુકો | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | અમરેલી | કે.કે. પારેખ અને મહેતા આર પી વિદ્યાલય, લીલાવતી બિલ્ડીંગ-અમરેલી | સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી |
| 2 | | શ્રીમતી ટી.પી. અને એમ.ટી. ગાંધી મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી | નાગનાથ મંદિર પાસે, અમરેલી |
| 3 | | શ્રીમતિ અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ અમરેલી | સ્ટેશન રોડ, અમરેલી |
| 4 | | સેન્ટમેરી હાઈસ્કુલ અમરેલી | અમીધારા પાર્ક-૨, લાઠી રોડ, અમરેલી |
| 5 | | શ્રી બી. એન. વિરાણી સેક. ગર્લ્સ હાઈસ્કુલ યુનીટ-૧, અમરેલી | શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈ. સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી |
| 6 | | શ્રી બી. એન. વિરાણી સેક. ગર્લ્સ હાઈસ્કુલ યુનીટ-૧, અમરેલી | શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈ. સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી |
| 7 | | શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર, અમરેલી | એસ ટી ડિવિઝન પાછળ, લાઠી રોડ, અમરેલી |
| 8 | | વિશેષ વિદ્યાપીઠ, અમરેલી | પટેલ મીલ સામે, વરસડા રોડ, અમરેલી |
| 9 | | ઓકસફોર્ડ હાઈસ્કુલ યુનીટ-૧, અમરેલી | કેરીયા રોડ, સંજોગ ન્યુઝ સામે, અમરેલી |
| 10 | | કે બી ઝાલાવાડીયા હાઈસ્કુલ, અમરેલી | સુખનાથપરા, લીલીયા રોડ, શેરી નં. ૦૫, અમરેલી |
| 11 | | પાઠક હાઈસ્કુલ, અમરેલી | હનુમાનપરા, લાઠી રોડ, અમરેલી |
| 12 | | ઓકસફોર્ડ હાઈસ્કુલ યુનીટ-૧, અમરેલી | કેરીયા રોડ, સંજોગ ન્યુઝ સામે, અમરેલી |

**ધોરણ-૧૨ સા. પ્રવાહ પુરક પરીક્ષા-૨૦૨૫ના કેન્દ્રો :**

| ક્રમ | તાલુકો | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | અમરેલી | દિપક હાઈસ્કુલ, અમરેલી | ગાયત્રી મંદિર પાસે, ચિતલ રોડ, અમરેલી |
| 2 | | જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી | લાઠી રોડ, અમરેલી |

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પુરક પરીક્ષા-૨૦૨૫ના કેન્દ્રો :**

| ક્રમ | તાલુકો | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | અમરેલી | શ્રીમતી ટી.પી. અને એમ.ટી. ગાંધી મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી | નાગનાથ મંદિર પાસે, અમરેલી |
| 2 | | કે. કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય, લીલાવતી બિલ્ડીંગ-અમરેલી | સિવિલ હોસ્પીટલ સામે, અમરેલી |
| 3 | | એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, અમરેલી | સ્ટેશન રોડ, અમરેલી |

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકારી/કર્મચારીઓ/અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈપણ વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષા કેન્દ્રોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ (તા. ૨૭-૦૬-૨૦૨૫ તથા તા. ૨૯-૦૬-૨૦૨૫ની જાહેર રજા સિવાય) સુધી સવારના ૦૯-૦૦ કલાક થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

**આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ તથા અધિકૃત વ્યકિતઓ તથા વાહનોને.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ (તા. ૨૭-૦૬-૨૦૨૫ તથા તા. ૨૯-૦૬-૨૦૨૫ની જાહેર રજા સિવાય) સુધી સવારના ૦૯-૦૦ કલાક થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જાહેરાત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૮-જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૮ માહે જુન, સને ૨૦૨૫.

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૧૬૧૨/૨૦૨૫, તા. ૧૦-૦૬-૨૦૨૫.

## જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૫૫૨/૨૦૨૫.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં તા. ૧૦-૦૬-૨૦૨૫નાં પત્રથી આગામી તા. ૨૨-૦૬-૨૦૨૫નાં રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ યોજાનાર હોય જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) અને કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી સમયમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ યોજાનાર હોય જેથી હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૨-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૬-૨૦૨૫ (બંને દિવસો સહિત) નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

L. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(o) ફરજ પર રોકાયેલા પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(oo) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૧૨-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૬-૨૦૨૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

હું એવો પણ આદેશ કરૂં છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૧૨, જુન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૨ માહે જુન, સને ૨૦૨૫.

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મોબાઈલ-સીમકાર્ડ/રીન્યુ/૫૨૫/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

## જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૫૩૭/૨૦૨૫.-

૧. વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી મોબાઈલ લે-વેચ તથા સીમકાર્ડ વેચવા બાબતે નિયંત્રક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્તની વિગતે રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલકતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યકિતની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડ આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલ-ઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય, તે બાદમાં ગુન્હામાં વપારાયેલ મોબાઈલ અન્યને વેચી દેતા હોય, જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે, એમને કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે. જેના કારણે ચોકકસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખીરદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જેથી જાહેર સુરક્ષા માટે મોબાઈલ ફોન લે-વેચ કે રીપેરીંગ કરતી પેઢીઓએ તે અંગેનું નિયત રજીસ્ટર નિભાવી રેકર્ડ રાખવામાં આવે તેવી આવશ્યકતા જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ,** (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીના નીચે મુજબના નમૂનાનાં રજીસ્ટર નિભાવવાના રહેશે.

**મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપની | IMEI નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પુરૂની વિગત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |

**નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/કંપનીનું નામ | IMEI નંબર | મોબાઈલ વેંચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત | આઈ.ડી. પુરૂની વિગત |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |

**નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | સીમકાર્ડની વિગત/કંપનીનું નામ | સીમ કાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઈ.ડી. પુરૂની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ મોબાઈલ તથા સીમકાર્ડ લે-વેચ કરતા વ્યકિતઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦, જૂન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જૂન, સને ૨૦૨૫.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

**વંચાણે લીધા :**

૧. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/CCTV-કેમેરા/રિન્યુ/૫૨૬/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

## જાહેરનામું

૧. નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૫૧૦/૨૦૨૫.-વંચાણે લીધા-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી જાહેર સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા બાબતે નિયંત્રક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્તની વિગતો જોતાં રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા ભુતકાળમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ બનેલ છે. અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લેકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી/હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરિકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓના બનાવો બનતા અટકાવી શકાય. તે હેતુસર ઉપરોકત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમેરા(નાઈટ વીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવામાં આવે તો આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃત્તિઓ જેવી કે, ચોરી, ધાડ, લુંટ, ચીલ-ઝડપ જેવા મિલકત સંબંધી ગુન્હાઓ બનતા અટકાવી શકાય અને ગુન્હા બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે. જેથી જાહેરસ્થળો, લોકોની ભીડભાડ વાળા સ્થળો તથા ઔદ્યોગિક/વ્યાપારી એકમોમાં સલામતિ અર્થે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવી વીડીયો રેકોર્ડીંગ મારફત સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની જરૂર જણાતી હોય તે અંગે નિયંત્રક જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ જીલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટી પ્લકસ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગીક એકમો, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો, પેટ્રોલ પંપો તથા હોટલો ઉપર તથા હાઈવે ઉપર આવેલા તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે તેમજ વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વીડીયો રેકોર્ડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવા તેમજ બેંકિંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શિયલ સેન્ટરોમાં આવતા-જતા તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા, નાઈટ વીઝન કેમેરા હાઈ ડેફીનેશન સાથે ગોઠાવવાના રહેશે.

૨.૨ સી.સી.ટી.વી. કેમેરા (નાઈટવીઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

૨.૩ સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછો ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

૨.૪ ઉપરોકત જણાવેલ સ્થળોની બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

૨.૫ ઉપરોકત જણાવેલ સ્થળોના પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૨.૬ રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે પ્રવેશ હોય, ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય એ રીતે કેમેરાઓ ગોઠવવા.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ ઉક્ત તમામ સ્થળોએ જવાબદાર વ્યક્તિઓને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦, જુન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મ.એ.ભાડે નો./૫૨૮/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

## જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૪૬૪/૨૦૨૫.-૧. વંચાણે લીધા-૧ ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી તાજેતરમાં ગુપ્તચર ખાતના અહેવાલ તથા દેશના અલગ-અલગ રાજ્યોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલા અને રાષ્ટ્રવિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો બનેલ છે. જે બનાવોને અંજામ આપતા આરોપીઓ મોટેભાગે રાજ્ય બહારના અને જિલ્લા બહારના હોય છે. જે શરૂઆતમાં આમ નાગરિક બની કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરો સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃતિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી નાસી જતા હોય છે. તપાસ કરતાં ગુનો કરનાર તથા તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું પુરેપુરુ નામ, સરનામું, વતનનું સરનામું તેમજ અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર માલીક પાસે ઉપલબ્ધ હોતી નથી. જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. આવા અસામાજિક તત્વો તથા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્ર નિયમિત માહિતગાર થાય તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર જરૂરી નિયંત્રણો મુકવા જરૂરી જણાતા આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં જણાવ્યા અનુસાર જિલ્લા/રાજ્ય બહારના મજુરોને કામદાર તરીકે રાખતા જે તે એકમના માલીક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ માહિતીથી પોલીસને વાકેફ કરી શકે તે માટે તેવા તત્વોની વિગતવાર માહીતી પોલીસ સ્ટેશનમાં રાખવી જરૂરી જણાય છે. જેથી આ સાથે સામેલ રાખેલ નિયમ ફોર્મ મુજબ માહિતી પુરી પાડવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉક્ત વિગતેની રજુ થયેલ દરખાસ્તની વિગતો ચકાસતા જિલ્લામાં બનતા ગુનાઓ અટકાવવા અને ગુન્હાશોધન પ્રક્રિયા માટે જરૂરી વિગતો ઉપલબ્ધ બને તે ઉપરાંત બહારથી આવતા શ્રમિકો સાથે કોઈ અઘટીત બનાવ બને તેવા સંજોગોમાં તેઓને જરૂરી પ્રશાસનિક મદદ મળી રહે તે હેતુથી શ્રમિકોનું નામ, સરનામાં સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે. જેથી રજુ થયેલ દરખાસ્તની વિગતેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

૨. વાસ્તે હું **દિલિપસિંહ ગોહિલ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને લક્ષમાં રાખીને નીચેની વિગતે હુકમ ફરમાવું છું.

૨.૧ અમરેલી જિલ્લામાં રાજ્ય/જિલ્લા બહારના કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમમાં કામ કરવા આવતા કારીગરો, મજુરો તથા ખેત-મજુરોને કામદાર તરીકે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાકટર વિગેરેએ તેવા વ્યકિતઓ માટે નીચેની વિગતેનું નિયત ફોર્મ સબંધીત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવી નોંધણી કરાવવાની રહેશે.

| ક્રમ | કામદાર તરીકે રાખનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ. ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો | કામદાર તરીકે રહેનાર વ્યકિતનું નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, ફોટો | કામદાર તરીકે રહેનાર વ્યકિતના પરિચિતોના નામ, સરનામું મોબાઈલ નંબર, ફોટો | | કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મકાદમનુ નામ, હાલનું સરનામું, મુળ સરનામું, આઈ.ડી. પ્રુફ, મોબાઈલ નંબર, પોલીસ સ્ટેશન, ફોટો |
|---|---|---|---|---|---|
| | | | પરિચિત ૧ | પરિચિત ૨ | |
| ૧ | | | | | |

નોંધ : ઉપરોક્ત નિયત નુમના મુજબના ફોર્મમાં જણાવેલ વિગતે જે તે કામદારને રાખનાર માલીકે કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સચોટ માહિતીની ખાત્રી કરી સબંધિત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં આપવાની રહેશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લા વિસ્તારમાં લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી સમગ્ર સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવી તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦ જૂન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જૂન, સને ૨૦૨૫.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/મ.એ.ભાડેનો/૫૨૭/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

## હુકમ

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૪૯૨/૨૦૨૪.-વંચાણે લીધા-૧ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્રથી થયેલ દરખાસ્તની વિગતો મુજબ ત્રાસવાદી, અસામાજીક તત્વો રહેણાંક તથા ઔધોગીક વિસ્તારો તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોય છે. તેમજ આતંકવાદી પ્રવૃતિ કરતા હોય છે. જેથી માનવ જીન્દગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજ્યોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો અલગ-અલગ વિસ્તારોમાં મજુરો, કડીયાકામ, ઈંટોનાં ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસમાં રસોઈયા, ફેકટરી, કારખાના, નાની-મોટી ખાણી પીણીની દુકાનો, લારીઓ ઉપર તથા કલરકામ કરતા તથા ખેત મજુરોને રોજગારી આપી રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન/એકમઓ ભાડે રાખી રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે.

અમરેલી જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ધાર્મિક ઘણા સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ, યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાન્તના માણસો કામ-ધંધા અર્થે આવતા હોય છે. બહારના જિલ્લા, રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવારા તત્વો મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે. અને આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. લોકોનાં જાનમાલનું રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેનાં જિલ્લામાં કોઈ પણ મકાન/ઔધોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે. આમ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

આથી **હું, દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્જસ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપે ત્યારે જે તે વ્યકિત પાસેથી માહિતી/આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપવાની રહેશે. તેમજ જે તે પોલીસ સ્ટેશનનાં અધિકારીએ આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકિકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરવાની રહેશે.

**મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરનાં માલિકોએ જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુના મુજબની માહિતીનું ફોર્મ**

| ક્રમ | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેરે જગ્યાનાં માલિક/સંચાલકનું નામ/ સરનામું અને ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ ની વિગત જેમા કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે.? | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડસ્ટોરેજ વિગેર કઈ તારખથી ભાડે આપેલ છે. તથા માસિક ભાડુ કેટલુ છે. | જે વ્યકિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ તથા હાલનું સરનામું ટેલીફોન નંબર/મોબાઈલ નંબર ફોટોગ્રાફ વિગેરે. | જે વ્યકિને મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરે ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખાતા ત્રણ સગા સબંધી નાં નામ/સરનામાં/ મોબાઈલ નંબર | મકાન/ઔદ્યોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડસ્ટોરેજ વિગેરેનાં ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/ સરનામુ/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બંને દિવસો સહિત) દિવસ-૬૦ સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ''ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩''ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. અને આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ કરવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવાની રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ વ્યકિતઓને જાણ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી કરવા તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦ જૂન, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું બહાર પાડેલ છે.

અમરેલી, ૧૦ માહે જૂન, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું**

**વંચાણે લીધા :**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના પત્ર ક્રમાંક : પરીક્ષા/GPSC/જાહેરનામું/૨૦૨૫/૩૨૪૧, તા. ૧૫-૦૪-૨૦૨૫.

(૨) મહેકમ શાખાનો પત્ર નં. ચિ.મકમ-૧/વશી/૩૭૭/૨૫, તા. ૧૫-૦૪-૨૦૨૫

## હુકમ

નં. નાચિ/પલસ/વશી/૪૩૧/૨૦૨૫-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૧૫-૦૪-૨૦૨૫ના પત્રથી તથા વંચાણે લીધા ક્રમ નં. ૨, તા. ૧૫-૦૪-૨૦૨૫ના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ તથા ગુજરાત નગરપાલીકા મુખ્ય અધિકારી વર્ગ-૨ની (જાહેરાત ક્રમાંક ૨૪૦/૨૦૨૪-૨૫) આગામી તા. ૨૦-૦૪-૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષા અન્વયે પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ તથા લાઉડ સ્પીકર પર પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહિ. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ રહેશે.

કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલા કોઈપણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીના તા. ૧૫-૦૪-૨૦૨૫ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાતે પરીક્ષાનું આયોજન થનાર છે.

**ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ તથા ગુજરાત નગરપાલીકા મુખ્ય અધિકારી વર્ગ-૨, પરીક્ષા-૨૦૨૫ના કેન્દ્રોઃ**

| ક્રમ | તાલુકો | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|---|
| 1 | અમરેલી | દિપક હાઈસ્કુલ (રૂપાયતન) | ચિતલ રોડ, ગાયત્રી મંદિર, અમરેલી |
| 2 | | શ્રી ટી.પી. અને શ્રીમતી એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ | નાગનાથ મંદિર પાસે, ચિતલ રોડ, અમરેલી |
| 3 | | કે.કે. પારેખ મહેતા આર. પી. વિદ્યાલય (લીલાવતી) | જિલ્લા પંચાયત રોડ, સિવિલ હોસ્પીટલની બાજુમાં, અમરેલી |
| 4 | | એસ એસ અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ | સ્ટેશન રોડ, બસ સ્ટેન્ડની બાજુમાં, અમરેલી |
| 5 | | ઓક્સફોર્ડ સ્કુલ ઓફ સાયન્સ | કેરીયા રોડ, અમરેલી |
| 6 | | સી. વી. ગજેરા સેકન્ડરી સ્કુલ | વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી |

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરનાં અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈપણ વસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષા કેન્દ્રોના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૨૦-૦૪-૨૦૨૫ ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૧૬-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવું નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

**આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલા મુસાફરોને.

(૪) સ્થાનિક સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/તાલુકા મામલતદારશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ વ્યકિતઓ તથા વાહનોને.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૨૦-૦૪-૨૦૨૫ના રોજ સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૧૬-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે,

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જાહેરાત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા તથા ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી, સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૬-એપ્રિલ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/વા.ઈ./૦૩/૨૦૨૫.-જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે।। જામનગર જિલ્લાની હદમાં એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી તથા જી.એસ.એફ.સી. તથા ડી.સી.સી. તથા એરફોર્સ, આઈએનએસ વાલસુરા, આર્મી હેડકવાટર, એરફોર્સ સ્ટેશન સમાણા વિગેરે જેવા અતિ સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે. પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના તા. ૦૧-૧૧-૨૦૨૧ ના પત્ર નં. જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ થી જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરી સદર માહિતીને ડીજી સ્કાય એપમાં અપલોડ કરવા જણાવેલ છે જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા. ૦૯-૦૬-૨૦૨૫ ના પત્ર નં. LIB/જાહેરનામું-ડ્રોન/૨૦૯૧/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે મને વાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે, જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના વિસ્તારોને રેડઝોન અને યલોઝોન જાહેર કરવામાં આવે છે. તેમજ આ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામાંની પ્રસિદ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આ જાહેરનામું તા. ૧૦-૦૬-૨૦૨૫ ના ૦૦-૦૦ કલાકથી તા. ૦૭-૦૮-૨૦૨૫ ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાનાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૯ માહે જૂન-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૦૯ માહે જૂન, સને ૨૦૨૫.

| Sr. No. | Unit Sr. No. | Name of Place | Full Postal Address | Remmendation as per point no. 4 of SOP of MHA Dated | Recommended Zone (Red/Yellow) | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1705 | 1 | Reliance Industry | Moti Khavadi Jamnagar | j | Red | 22.357719 | 69.844194 | 2 km distance from perimeter |
| 1706 | 2 | Reliance Jetty With MTF Area | Moti Khavadi Jamnagar | j | Red | 22.496947 | 69.838625 | 250 mtr distance from perimeter |
| 1707 | 3 | All S. P. M. Reliance Jamnagar | Sikka Sea Area Jamnagar | j | Red | 22.56317 | 69.81997 | 2 km distance from perimeter |
| 1708 | 4 | S. P. M. Nayara Jamnagar | Sikka Sea Area Jamnagar | j | Red | 22.53932 | 69.703705 | 2 km distance from perimeter |
| 1709 | 5 | Airforce-1 | Airforce Station Khodiyar Colony-6 Jamnagar | j | Red | 22.471544 | 70.010008 | 3 km distance from perimeter |
| 1710 | 6 | Gujarat State Fertilizer Company | Moti Khavadi Jamnagar | j | Yellow | 22.377083 | 69.851456 | 250 mtr distance from perimeter |
| 1711 | 7 | Airforce Station Samana | Samana Jamjodhpur Dist. Jamnagar | j | Red | 22.128236 | 70.164433 | 3 km distance from perimeter |
| 1712 | 8 | Gujarat State Fertilizer Company Jetty with GAS Pipe Line | Moti Khavadi Jamnagar | j | Yellow | 22.456944 | 69.797783 | 250 mtr distance from perimeter |
| 1713 | 9 | INS Valsura | Rozy Port Jamnagar | j | Red | 22.526034 | 70.043735 | 3 km distance from perimeter |
| 1714 | 10 | Army Head Quarter | Windmill Road, New Jail Road Jamnagar | j | Red | 22.44836 | 70.05776 | 3 km distance from perimeter |
| 1715 | 11 | Civil Airport, Jamnagar | Civil Airport New R.T.O. Office Jamnagar | e | Red | 22.460808 | 70.015931 | 3 km distance from perimeter |
| 1716 | 12 | Thermal Power Station, Sikka | Sikka Jamnagar | j | Red | 22.420456 | 69.835261 | 2 km distance from perimeter |
| 1717 | 13 | Salaya Mathura Oil Terminal | Village Theba Jamnagar | j | Yellow | 22.433581 | 70.147464 | 500 mtr distance from perimeter |
| 1718 | 14 | Digvijay Cement Company | Digvijaygram, Sikka, Jamnagar | j | Yellow | 22.429656 | 69.833444 | 100 mtr distance from perimeter |
| 1719 | 15 | Ranjitsagara Dam | Village Dadiya, Samana Road, Jamnagar | j | Yellow | 22.384481 | 70.101256 | 2 km distance from perimeter |
| 1720 | 16 | Railway Station, Jamnagar | Gandhinagar Jamnagar | m | Yellow | 22.493 | 70.0535 | 50 mtr distance from perimeter |
| 1721 | 17 | Airforce-2, Jamnagar | Airforce Station-2, Satyam Colony Road, Opp. Rozy Petrol Pump, Jamnagar | j | Red | 22.457808 | 70.042261 | 3 km distance from perimeter |
| 1722 | 18 | Deep Bhavan, Jamnagar | Near Patel Colony P. N. Road, Jamnagar | j | Yellow | 22.4846 | 70.0572 | 100 mtr distance from perimeter |
| 1723 | 19 | Telephone Exchange | Kasi Vishvanath Road, Jamnagar | m | Yellow | 22.471525 | 70.074778 | 100 mtr distance from perimeter |
| 1724 | 20 | Bedi Old Port, Jamnagar | Bedi Port Road, Jamnagar | j | Red | 22.512913 | 70.028796 | 2 km distance from perimeter |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1725 | 21 | Bedi New Port Jamnagar | Valsura Road Jamnagar | j | Red | 22.548443 | 70.031162 | 2 km distance from perimeter |
| 1726 | 22 | Rozi Port, Jamnagar | Bedi Port Road Jamnagar | j | Red | 22.563775 | 70.039778 | 2 km distance from perimeter |
| 1727 | 23 | G. G. Hospital Jamnagar | Pandit Nehru Road Jamnagar | m | Yellow | 22.478 | 70.064675 | 100 mtr distance from perimeter |
| 1728 | 24 | Railway Station Hapa | Hapa Jamnagar | m | Yellow | 22.468558 | 70.117733 | 50 mtr distance from both the sides and ends |
| 1729 | 25 | Digvijay Cement Company Jetty Sikka | Digvijaygram, Sikka, Jamnagar | m | Yellow | 22.433406 | 69.819581 | 250 mtr distance from perimeter |
| 1730 | 26 | Subhash Bridge | Subhash Bridge, Jamnagar | m | Yellow | 22.47269 | 70.08276 | 50 mtr distance from both the sides and ends |
| 1731 | 27 | 66 KV Sub Station Lal Bungalow | Lal Bungalow Jamnagar | j | Red | 22.4698 | 70.0671 | 100 mtr distance from perimeter |
| 1732 | 28 | 66 KV Sub Station Navagam Ghed | Navagam Ghed Jamnagar | j | Red | 22.497067 | 70.067435 | 100 mtr distance from perimeter |
| 1733 | 29 | 66 KV Sub Station Hapa | Hapa Jamnagar | j | Red | 22.478174 | 70.104574 | 100 mtr distance from perimeter |
| 1734 | 30 | 132 KV Sub Station Dhrol | Dhrol, Jamnagar | j | Red | 22.58317 | 70.40358 | 100 mtr distance from perimeter |
| 1735 | 31 | 66 KV Sub Station Saat Rasta | Saat Rasta Jamnagar | j | Red | 22.47005 | 70.055 | 100 mtr distance from perimeter |
| 1736 | 32 | 66 KV Sub Station Bedeshwar | Bedeshwar Jamnagar | j | Red | 22.493912 | 70.024115 | 100 mtr distance from perimeter |
| 1737 | 33 | 66 KV Sub Station Modpar (Matva) | Modpar (Matva) Jamnagar | j | Red | 22.35605 | 70.231857 | 100 mtr distance from perimeter |
| 1738 | 34 | 220 KV Sub Station Jamnagar | Nr. Theba Chowkdi, Kalawad Road, Jamnagar | j | Red | 22.44653 | 70.1203 | 100 mtr distance from perimeter |
| 1739 | 35 | 66 KV Sub Station Banugar | Banugar, Jamnagar | j | Red | 22.5127 | 70.23996 | 100 mtr distance from perimeter |
| 1740 | 36 | 66 KV Sub Station Morkanda | Morkanda, Jamnagar | j | Red | 22.4379 | 70.0927 | 100 mtr distance from perimeter |
| 1741 | 37 | 66 KV Sub Station Aliabada | Aliabada, Jamnagar | j | Red | 22.473251 | 70.215696 | 100 mtr distance from perimeter |
| 1742 | 38 | 66 KV Sub Station Suvarda | Suvarda, Jamnagar | j | Red | 22.41656 | 7016452 | 100 mtr distance from perimeter |
| 1743 | 39 | 66 KV Sub Station Kesiya | Kesiya, Jamnagar | j | Red | 22.662952 | 70.370021 | 100 mtr distance from perimeter |
| 1744 | 40 | 66 KV Sub Station Khiri | Khiri, Jodiya Jamnagar | j | Red | 22.575814 | 70.235012 | 100 mtr distance from perimeter |
| 1745 | 41 | 66 KV Sub Station Meghpar (Morana) | Meghapar (Morana) Jodiya, Jamnagar | j | Red | 22.690677 | 70.474863 | 100 mtr distance from perimeter |
| 1746 | 42 | 66 KV Sub Station Jamvanthli | Jamvanthli, Jamnagar | j | Red | 22.43006 | 70.32847 | 100 mtr distance from perimeter |
| 1747 | 43 | 66 KV Sub Station Khengarka | Khengarka, Dhrol, Jamnagar | j | Red | 22.419829 | 70.474115 | 100 mtr distance from perimeter |
| 1748 | 44 | 66 KV Sub Station Dhrangda | Dhrangda, Jamnagar | j | Red | 22.5472627 | 70.3464514 | 100 mtr distance from perimeter |
| 1749 | 45 | 66 KV Sub Station Hamapar | Hamapar, Dhrol, Jamnagar | j | Red | 22.466951 | 70.394966 | 100 mtr distance from perimeter |
| 1750 | 46 | 66 KV Sub Station Morvadi | Morvadi, Kalawad, Jamnagar | j | Red | 22.179422 | 70.253823 | 100 mtr distance from perimeter |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1751 | 47 | 66 KV Sub Station Navagam (J) | Navagam, Kalawad, Jamnagar | j | Red | 22.887944 | 74.331033 | 100 mtr distance from perimeter |
| 1752 | 48 | 66 KV Sub Station Toda | Toda, Kalawad, Jamnagar | j | Red | 22.088795 | 70.383645 | 100 mtr distance from perimeter |
| 1753 | 49 | 66 KV Sub Station Kalawad | Kalawad, Jamnagar | j | Red | 22.200223 | 70.36197 | 100 mtr distance from perimeter |
| 1754 | 50 | 66 KV Sub Station Chhatar | Chhatar, Kalawad, Jamnagar | j | Red | 22.131931 | 70.235085 | 100 mtr distance from perimeter |
| 1755 | 51 | 66 KV Sub Station Kalawad | Kalawad, Jamnagar | j | Red | 22.19901 | 70.38317 | 100 mtr distance from perimeter |
| 1756 | 52 | 66 KV Sub Station Dhudasiya | Dhudasiya, Jamnagar | j | Red | 22.2833 | 70.3497 | 100 mtr distance from perimeter |
| 1757 | 53 | 66 KV Sub Station Dhutarpar | Dhutarpar, Jamnagar | j | Red | 22.343672 | 70.351274 | 100 mtr distance from perimeter |
| 1758 | 54 | 66 KV Sub Station Dhrol | Dhrol, Jamnagar | j | Red | 22.578486 | 70.409469 | 100 mtr distance from perimeter |
| 1759 | 55 | 66 KV Sub Station Latipar | Latipar, Dhrol, Jamnagar | j | Red | 22.617095 | 70.558486 | 100 mtr distance from perimeter |
| 1760 | 56 | 132 KV Sub Station Dhrol | Dhrol, Jamnagar | j | Red | 22.583046 | 70.403735 | 100 mtr distance from perimeter |
| 1761 | 57 | 66 KV Sub Station Piyava | Piyava, Dhrol, Jamnagar | j | Red | 22.609182 | 70.474067 | 100 mtr distance from perimeter |
| 1762 | 58 | 66 KV Sub Station Jam-Dudhai | Jam-Dudhai, Jodiya, Jamnagar | j | Red | 22.785946 | 70.50026 | 100 mtr distance from perimeter |
| 1763 | 59 | 66 KV Sub Station Padana | Padana, Jodiya, Jamnagar | j | Red | 22.720541 | 70.549766 | 100 mtr distance from perimeter |
| 1764 | 60 | 66 KV Sub Station Kharedi | Kharedi, Kalawad, Jamnagar | j | Red | 22.06968 | 70.496473 | 100 mtr distance from perimeter |
| 1765 | 61 | 66 KV Sub Station Moti Nagazar | Moti Nagazar, Kalawad, Jamnagar | j | Red | 22.32811 | 70.41059 | 100 mtr distance from perimeter |
| 1766 | 62 | 66 KV Sub Station Nikava | Nikava, Kalawad, Jamnagar | j | Red | 22.19953 | 70.54707 | 100 mtr distance from perimeter |
| 1767 | 63 | 66 KV Sub Station Mota Bhadukiya | Mota Bhadukiya, Kalawad, Jamnagar | j | Red | 22.164512 | 70.450776 | 100 mtr distance from perimeter |
| 1768 | 64 | 66 KV Sub Station Mota Vadala | Mota Vadala, Kalawad, Jamnagar | j | Red | 22.25747 | 70.473381 | 100 mtr distance from perimeter |
| 1769 | 65 | 66 KV Sub Station Shisang | Shisang, Kalawad, Jamnagar | j | Red | 22.217048 | 70.470099 | 100 mtr distance from perimeter |
| 1770 | 66 | 66 KV Sub Station Nanavadala | Nanavadala, Kalawad, Jamnagar | j | Red | 22.133519 | 70.541154 | 100 mtr distance from perimeter |
| 1771 | 67 | 66 KV Sub Station Jam-B | Dared Jamnagar | j | Red | 22.133519 | 70.541154 | 100 mtr distance from perimeter |
| 1772 | 68 | 66 KV Sub Station Jam-C | Near Ashapura Hotal, Jamnagar | j | Red | 22.45469 | 70.0476 | 100 mtr distance from perimeter |
| 1773 | 69 | 66 KV Sub Station GIDC Phase-3 | Jamnagar | j | Red | 22.419552 | 70.052618 | 100 mtr distance from perimeter |
| 1774 | 70 | 66 KV Sub Station Rajhans | Shankar Tekri GIDC Area Jamnagar | j | Red | 22.4544507 | 70.0482671 | 100 mtr distance from perimeter |
| 1775 | 71 | 66 KV Sub Station Chandragadh | Chandragadh, Jamnagar | j | Red | 22.33858 | 70.00435 | 100 mtr distance from perimeter |
| 1776 | 72 | 66 KV Sub Station Harshadpur | Harshadpur, Jamnagar | j | Red | 22.3441 | 70.1469 | 100 mtr distance from perimeter |
| 1777 | 73 | 66 KV Sub Station Naranpar | Naranpar, Jamnagar | j | Red | 22.345686 | 70.0909 | 100 mtr distance from perimeter |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1778 | 74 | 66 KV Sub Station Lakhabaval | Lakhabaval, Jamnagar | j | Red | 22.434199 | 70.008238 | 100 mtr distance from perimeter |
| 1779 | 75 | 66 KV Sub Station Dhichda | Dhichda, Jamnagar | j | Red | 22.493974 | 70.0240965 | 100 mtr distance from perimeter |
| 1780 | 76 | 66 KV Sub Station Chela | Chela, Jamnagar | j | Red | 22.3753 | 70.0484 | 100 mtr distance from perimeter |
| 1781 | 77 | 66 KV Sub Station Sikka | Sikka, Jamnagar | j | Red | 22.42786 | 69.83178 | 100 mtr distance from perimeter |
| 1782 | 78 | 66 KV Sub Station Meghpar | Meghpar, Lalpur, Jamnagar | j | Red | 22.358058 | 69.826388 | 100 mtr distance from perimeter |
| 1783 | 79 | 66 KV Sub Station Modpar | Modpar, Lalpur, Jamnagar | j | Red | 22.257439 | 69.789652 | 100 mtr distance from perimeter |
| 1784 | 80 | 66 KV Sub Station Navaniya | Navaniya, Lalpur, Jamnagar | j | Red | 22.294893 | 69.833265 | 100 mtr distance from perimeter |
| 1785 | 81 | 66 KV Sub Station Zankhar | Zankhar, Lalpur, Jamnagar | j | Red | 22.340777 | 69.774201 | 100 mtr distance from perimeter |
| 1786 | 82 | 66 KV Sub Station Pipali | Pipali, Lalpur, Jamnagar | j | Red | 22.3539 | 69.94598 | 100 mtr distance from perimeter |
| 1787 | 83 | 66 KV Sub Station Shapar (Bed) | Shapar, Jamnagar | j | Red | 22.435522 | 69.840106 | 100 mtr distance from perimeter |
| 1788 | 84 | 66 KV Sub Station Sheth Vadala | Sheth Vadala, Jamjodhpur, Jamnagar | j | Red | 22.029192 | 70.106084 | 100 mtr distance from perimeter |
| 1789 | 85 | 66 KV Sub Station Mandasan | Mandasan, Jamjodhpur, Jamnagar | j | Red | 21.925559 | 70.178438 | 100 mtr distance from perimeter |
| 1790 | 86 | 66 KV Sub Station Kotdabavisi | Kotdabavisi, Jamjodhpur, Jamnagar | j | Red | 21.93143 | 70.05186 | 100 mtr distance from perimeter |
| 1791 | 87 | 66 KV Sub Station Vanana | Vanana, Jamjodhpur, Jamnagar | j | Red | 22.001529 | 70.034572 | 100 mtr distance from perimeter |
| 1792 | 88 | 66 KV Sub Station Dhrafa | Dhrafa, Jamjodhpur, Jamnagar | j | Red | 21.974821 | 70.096963 | 100 mtr distance from perimeter |
| 1793 | 89 | 66 KV Sub Station Valasan | Valasan, Jamjodhpur, Jamnagar | j | Red | 21.91735 | 70.11556 | 100 mtr distance from perimeter |
| 1794 | 90 | 66 KV Sub Station Balwa | Balwa, Jamjodhpur, Jamnagar | j | Red | 21.89327 | 69.95558 | 100 mtr distance from perimeter |
| 1795 | 91 | 66 KV Sub Station Jamjodhpur | Jamjodhpur, Jamnagar | j | Red | 21.90149 | 70.03577 | 100 mtr distance from perimeter |
| 1796 | 92 | 66 KV Sub Station Vansjaliya | Vansjaliya, Jamjodhpur, Jamnagar | j | Red | 21.80465 | 69.87561 | 100 mtr distance from perimeter |
| 1797 | 93 | 66 KV Sub Station Padeshwar | Padeshwar, Jamjodhpur, Jamnagar | j | Red | 21.85594 | 70.02515 | 100 mtr distance from perimeter |
| 1798 | 94 | 66 KV Sub Station Pardava | Pardava, Jamjodhpur, Jamnagar | j | Red | 21.76242 | 70.0352 | 100 mtr distance from perimeter |
| 1799 | 95 | 66 KV Sub Station Vasantpur | Vasantpur, Jamjodhpur, Jamnagar | j | Red | 21.90828 | 70.00555 | 100 mtr distance from perimeter |
| 1800 | 96 | 66 KV Sub Station Satapar | Satapar, Jamjodhpur, Jamnagar | j | Red | 21.83635 | 69.91634 | 100 mtr distance from perimeter |
| 1801 | 97 | 66 KV Sub Station Lalpur | Lalpur, Jamnagar | j | Red | 22.206944 | 69.971944 | 100 mtr distance from perimeter |
| 1802 | 98 | 66 KV Sub Station Babarzar | Babarzar, Lalpur, Jamnagar | j | Red | 22.161111 | 69.836667 | 100 mtr distance from perimeter |
| 1803 | 99 | 66 KV Sub Station Haripar | Haripar, Lalpur, Jamnagar | j | Red | 22.278056 | 70.004722 | 100 mtr distance from perimeter |
| 1804 | 100 | 66 KV Sub Station Moti Rafudal | Moti Rafudal, Lalpur, Jamnagar | j | Red | 22.233611 | 69.887222 | 100 mtr distance from perimeter |
| 1805 | 101 | 66 KV Sub Station Mota Khadba | Mota Khadba, Lalpur, Jamnagar | j | Red | 22.153303 | 70.034822 | 100 mtr distance from perimeter |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1806 | 102 | 66 KV Sub Station Rinjapar | Rinjpar, Lalpur, Jamnagar | j | Red | 22.137636 | 69.992859 | 100 mtr distance from perimeter |
| 1807 | 103 | 66 KV Sub Station Sonavdiya | Sonavdiya, Jamjodhpur, Jamnagar | j | Red | 21.98589 | 69.90898 | 100 mtr distance from perimeter |
| 1808 | 104 | 66 KV Sub Station Sanosari | Sanosari, Lalpur, Jamnagar | j | Red | 22.0958 | 69.875401 | 100 mtr distance from perimeter |
| 1809 | 105 | 66 KV Sub Station Ghunada | Ghunda, Jamjodhpur, Jamnagar | j | Red | 22.05325 | 69.96059 | 100 mtr distance from perimeter |
| 1810 | 106 | 220 KV Sub Station Moti Gop | Moti Gop, Jamjodhpur, Jamnagar | j | Red | 22.01314 | 69.87649 | 100 mtr distance from perimeter |
| 1811 | 107 | 66 KV Sub Station Samana | samana, Jamjodhpur, Jamnagar | j | Red | 22.09933 | 70.15634 | 100 mtr distance from perimeter |
| 1812 | 108 | 66 KV Sub Station Pipartoda | Pipartoda, Lalpur, Jamnagar | j | Red | 22.277482 | 70.095399 | 100 mtr distance from perimeter |
| 1813 | 109 | 66 KV Sub Station Sadodar | Sododar, Jamjodhpur, Jamnagar | j | Red | 22.05841 | 70.199257 | 100 mtr distance from perimeter |
| 1814 | 110 | 66 KV Sub Station Khad Khambhaliya | Khad Khambhaliya, Jamjodhpur, Jamnagar | j | Red | 22.20373 | 70.128258 | 100 mtr distance from perimeter |
| 1815 | 111 | Amudi Bela Island | Bedi Sea Area | m | Red | 22.5415 | 69.96 | 2 km distance from perimeter |
| 1816 | 112 | Baga Bela Island | Bedi Sea Area | m | Red | 22.5306 | 69.9446 | 2 km distance from perimeter |
| 1817 | 113 | Bhais Bid Island | Bedi Sea Area | m | Red | 22.5503 | 70.0037 | 2 km distance from perimeter |
| 1818 | 114 | Jindra Bet Island | Bedi Sea Area | m | Red | 22.5684 | 69.9925 | 2 km distance from perimeter |
| 1819 | 115 | Juna Bela Island | Bedi Sea Area | m | Red | 22.5503 | 70.0183 | 2 km distance from perimeter |
| 1820 | 116 | Kodara Bet (Sanbeli) Island | Bedi Sea Area | m | Red | 22.5563 | 70.0191 | 2 km distance from perimeter |
| 1821 | 117 | Pate Pir Ka Bela Island | Bedi Sea Area | m | Red | 22.5234 | 69.9393 | 2 km distance from perimeter |
| 1822 | 118 | Pirotan Island | Bedi Sea Area | m | Red | 22.5994 | 69.9616 | 2 km distance from perimeter |
| 1823 | 119 | Unnamed Island | Bedi Sea Area | m | Red | 22.5394 | 69.932 | 2 km distance from perimeter |
| 1824 | 120 | Unnamed Island | Bedi Sea Area | m | Red | 22.5351 | 69.9559 | 2 km distance from perimeter |
| 1825 | 121 | Unnamed Island | Bedi Sea Area | m | Red | 22.5276 | 69.9317 | 2 km distance from perimeter |
| 1826 | 122 | S. P. Office | Opp. Dhanvantri Ayurvedic Hospital, Jamnagar | m | Yellow | 22.475332 | 70.065564 | 100 mtr distance from perimeter |
| 1827 | 123 | Collector Office | Saru Section Road, Jamnagar | m | Yellow | 22.480278 | 70.0511 | 100 mtr distance from perimeter |
| 1828 | 124 | District Court Jamnagar | Lal Bunglow Jamnagar | c | Yellow | 22.46922 | 70.06548 | 100 mtr distance from perimeter |
| 1829 | 125 | Rangmati River Bridge | Jamnagar Rajkot Highway Lalpur Baypass Jamnagar | m | Yellow | 22.42675 | 70.09589 | 50 mtr distance from perimeter |
| 1830 | 126 | Bus Station | Summer Club Road, Jamnagar | m | Yellow | 22.46821 | 70.05914 | 100 mtr distance from perimeter |
| 1831 | 127 | Dhnvantri Ayurvedic Hospital | Opp. S. P. Office Jamnagar | m | Yellow | 22.475113 | 70.06452 | 100 mtr distance from perimeter |
| 1832 | 128 | Langhavad No Dhaliyo Area | Shubhash Vegitable Market, Jamnagar | m | Yellow | 22.46713 | 70.07878 | 100 mtr distance from perimeter |
| 1833 | 129 | Kishan Chowk | Near Khambhalia Gate, Jamnagar | m | Yellow | 22.45697 | 70.07137 | 100 mtr distance from perimeter |
| 1834 | 130 | Kalavad Darwaja | Near Darbargadh Jamnagar | m | Yellow | 22.46373 | 70.08033 | 100 mtr distance from perimeter |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1835 | 131 | Noori Chowkadi | Out Side Of Kalavad Naka, Jamnagar | m | Yellow | 22.46394 | 70.09087 | 100 mtr distance from perimeter |
| 1836 | 132 | Dafervas | Gaytringar Dhrol, Jamnagar | m | Yellow | 22.560504 | 70.421279 | 100 mtr distance from perimeter |
| 1837 | 133 | Murila Gate | Kalavad, Jamnagar | m | Yellow | 22.206667 | 70.383431 | 100 mtr distance from perimeter |
| 1838 | 134 | Kumbhanathpara | Kalavad, Jamnagar | m | Yellow | 22.205653 | 70.37959 | 100 mtr distance from perimeter |
| 1839 | 135 | Naz Cinema Area | Sikka, Jamnagar | m | Yellow | 22.435522 | 69.90399 | 100 mtr distance from perimeter |
| 1840 | 136 | District Jail | Jamnagar | m | Yellow | 22.45433 | 70.06615 | 500 mtr distance from perimeter |
| 1841 | 137 | Sachana Port | Sachana Jamnagar | m | Yellow | 22.5700839 | 70.1775463 | 100 mtr distance from perimeter |
| 1842 | 138 | Bed Rasulnagar (Fishing Point) | Bed Jamnagar | m | Yellow | 22.44651 | 69.840106 | 100 mtr distance from perimeter |
| 1843 | 139 | Jodiya (Fishing Point) | Jodiya, Jamnagar | m | Yellow | 22.72378 | 70.278992 | 250 mtr distance from perimeter |
| 1844 | 140 | Light House | Rozy Port Jamnagar | m | Yellow | 22.571016 | 70.04532 | 100 mtr distance from perimeter |
| 1845 | 141 | Sasoi Dam | Pipadi, Lalpur, Jamnagar | m | Yellow | 22.345833 | 69.964167 | 2 km distance from perimeter |
| 1846 | 142 | Water Treatment Plant | Gandhinagar, Jamnagar | m | Yellow | 22.4985778 | 70.067362 | 100 mtr distance from perimeter |
| 1847 | 143 | Water Pump | Khijadiya Baypass, Jamnagar | j | Yellow | 22.48964 | 70.15784 | 100 mtr distance from perimeter |
| 1848 | 144 | F.C.I. Godown | GIDC Phase-2 Dared, Jamnagar | m | Yellow | 22.40117 | 70.052428 | 100 mtr distance from perimeter |
| 1849 | 145 | SRP Group-17 | Chela Jamnagar | m | Yellow | 22.3676 | 70.0422 | Over the premises, Whithin its perimeter |
| 1850 | 146 | All India Radio Relay Station | Laiyara, Dhrol, Jamnagar | m | Yellow | 22.500776 | 70.52027 | 100 mtr distance from perimeter |
| 1851 | 147 | Marin National Park | Pirotan Island, Jamnagar | m | Red | 22.5994 | 69.9616 | Over the area of such designated eco sensitive zone Whithin its perimeter |
| 1852 | 148 | Bird Sanctury | Khijadiya Jamnagar | m | Yellow | 22.51426 | 70.154088 | Over the area of such designated eco sensitive zone Whithin its perimeter |
| 1853 | 149 | Bhucharmori | Dhrol, Jamnagar | m | Yellow | 22.582921 | 70.400137 | 100 mtr distance from perimeter |
| 1854 | 150 | Railway Godown | Bedi Jamnagar | m | Yellow | 22.504556 | 70.042024 | 100 mtr distance from perimeter |
| 1855 | 151 | SBI Currency Chest branch | Ranjit Road, Jamnagar | m | Yellow | 22.4675 | 70.078005 | 100 mtr distance from perimeter |
| 1856 | 152 | SBI Currency Chest branch | Jamjodhpur, Jamnagar | m | Yellow | 21.90128 | 70.03244 | 100 mtr distance from perimeter |
| 1857 | 153 | Central Bank Currency Chest Branch | Mandvi Tower Road, Jamnagar | m | Yellow | 22.46285 | 70.07637 | 100 mtr distance from perimeter |
| 1858 | 154 | TV Station Jamnagar | Lal Bungalow, Jamnagar | m | Yellow | 22.467905 | 70.06435 | 100 mtr distance from perimeter |

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/ટોલટેક્ષ/૦૨/૨૦૨૫.-ગુજરાત સરકારશ્રી દ્વારા તા. ૨૬-૦૩-૧૩ થી જાહેરનામાં ક્રમાંક : ટોલ/૧૦-૨૦૧૧/૮૩૫/૮/પીવીટી બહાર પાડવામાં આવેલ છે. સદરહુ જાહેરનામામાં દર્શાવ્યા મુજબ ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર અને એલ. એન્ડ ટી. રાજકોટ-વાડીનાર ટોલ-વે લી. વચ્ચે રાજકોટ-જામનગર-વાડીનાર રોડ ચારમાર્ગી બનાવવા અંગે ભારત સરકારશ્રીની વાયેબીલીટી ગેપ ફંડીંગ યોજના હેઠળ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. આ એગ્રીમેન્ટ મુજબ એલ. એન્ડ ટી. રાજકોટ-વાડીનાર ટોલ-વે લી. ને નિયત કરેલ વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવેલ છે. જે માટે જુદા જુદા ટોલ પ્લાઝા લોકેશન નિયત કરવામાં આવેલ છે. જે પૈકી જામનગર જિલ્લામાં જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ પાસે ટોલ પ્લાઝા આવેલ છે. સરકારશ્રીના ઉપરોક્ત જાહેરનામામાં ઉલ્લેખ થયેલ જુદા-જુદા વાહનોને ટોલ ટેક્ષ ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે અથવા કન્સેશન પાસ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહુ ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો ધરાવે છે. આવા વાહન ધારકો સરકારશ્રીના ઉપરોક્ત જાહેરનામાનો અમલ કરી નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના સંદર્ભમાં આ ટોલ પ્લાઝા ખાતે અવાર નવાર સુલેહ શાંતિનો ભંગ થવાના અને એલ. એન્ડ ટી. કંપનીના એજન્ટો, નોકરો તેમજ સીક્યુરીટી સ્ટાફ વચ્ચે જાહેરમાં બખેડો થવાના, મારા-મારીના અને તોડફોડના બનાવો બને છે. જેને લઈને આંદોલનાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ચક્કાજામના કારણે વાહન વ્યવહાર થંભી જવાના પ્રસંગો બને છે. પરીણામે સામાન્ય મુસાફર, જનતા અગવડતા, અસલામતી અને ભય અનુભવે છે. કેટલીક વખત એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા વાહનો સમયસર જે તે સ્થળે પહોંચી શકતા નથી, તેથી લોકોના જાનમાલને જોખમ ઉભુ થવાની પુરેપુરી શક્યતા રહેલી છે. આવા બનાવો નિવારી શકાય તે માટે આ ટોલ પ્લાઝાથી પસાર થતા વાહનો સરકારશ્રીના ઉપરોક્ત જાહેરનામાંનો અમલ કરે અને નિયત કરવામાં આવેલ ટોલ દરની ચુકવણી કરે તેમજ સરકારશ્રીએ અધિકૃત કરેલ વ્યક્તિઓની કામગીરીમાં અડચણ ન કરે તે માટે એલ એન્ડ ટી રાજકોટ-વાડીનાર ટોલ વે લીમીટેડ જામનગર તરફથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત મળેલ તે અન્વયે પોલીસ અધિક્ષકશ્રીનો અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી તરફથી હકારાત્મક અભિપ્રાય આપેલ છે. આ જાહેરનામું વખતો વખત અમલમાં રહે તે ઈચ્છનિય જણાય છે.

વધુમાં રાષ્ટ્ર અને રાજ્યની સલામતી માટે તેમજ ગુનાખોરી નિયંત્રણમાં લાવવા માટે જિલ્લામાં સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું વખતોવખત બહાર પાડવામાં આવે છે. ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજ્ય બહાર પણ નાસી જતા હોય છે. તેમણે ઉપયોગમાં લીધેલા વાહનની વિગતો પછીથી મળતી હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. પરંતુ કેટલાક લોકો ટોલનાકા નજીકમાં આવેલ તેમની જમીનમાં થઈને વાહનોને ટોલગેઈટમાંથી પસાર થવુ ન પડે તે રીતે બાયપાસ થવાની સવલત પુરી પાડે છે. આવા વાહનો ટોલગેઈટમાંથી પસાર થતા ન હોવાના કારણે વાહનોના નંબર, વાહનનો પ્રકાર અને ચાલકની ઓળખ મળી શકતી નથી. અમુક વાહન ચાલકો ટોલગેઈટ પર વાહન ઉભુ રાખ્યા વિના અને ટોલ ટેક્ષ ચુકવ્યા વિના ભાગી છુટે છે. આવા વાહનોનુ સીસીટીવી કેમેરામાં રેકોર્ડીંગ થઈ શકતુ નથી. પરીણામે ગુનાખોરીમાં સંડોવાયેલ વાહનોને પકડવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે પકડી શકાતા નથી કે આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ વાહનોની ભાળ મળી શકતી ન હોય તમામ વાહનો જિલ્લાના ટોલનાકા પરથી પસાર થતા સમયે ઉભા રહે તથા સરકારશ્રીએ જાહેરનામાથી નક્કી કરેલ ટોલ ટેક્ષ ચુકવીને જ પસાર થાય તે માટે જાહેર હિત અને જાહેર સલામતીના કારણોસર આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો : જામનગર,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (૪૬ મો અધિનિયમ)ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરું છું કે,

જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ પાસે આવેલ ટોલનાકાઓ પરથી પસાર થતા ટોલટેક્ષ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનુ વાહન ટોલનાકા પર ઠરાવેલ નિશ્ચિત જગ્યાએ થોભાવવુ તથા સરકારશ્રીએ નક્કી કરેલ ટોલ ટેક્ષ ચુકવી તેની પહોંચ મેળવી અથવા નિયમાનુસાર મુક્તિ મળવાપાત્ર હોય તો તે અંગેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.

વિશેષમાં ઉપરોક્ત ટોલનાકાઓ નજીક આવેલ જમીનના માલીકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલીકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈ બાયપાસ રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**અપવાદ :**

સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાઓથી જે વાહનોને ટોલટેક્ષ ચુકવવામાંથી મુકિત આપવામાં આવેલ હોય તેવા વાહનચાલકોને આ જાહેરનામાની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમ ઉપરોક્ત ટોલનાકાઓના સંદર્ભમાં તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમના કોઈ પણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (૪૫ મો અધિનિયમ) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાંના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની સમગ્ર જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો અને સ્થાનિક કેબલ ટીવી મારફતે બહોળી પ્રસિધ્ધી કરવી.

આજ તા. ૦૯ માહે જૂન-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યો.

જામનગર, ૦૯ માહે જૂન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

## જાહેરનામું

ક્રમાંક : ડીએમ/હથિયારબંધી/૦૬/૨૦૨૫.-આગામી દિવસોમાં બકરી ઈદ, રથયાત્રા જેવા તહેવારો તેમજ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર છે. તેમજ તાજેતરમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કશ્મીરના પહેલગામ ખાતે આતંકવાદી હુમલો થયેલ છે. જેના અનુસંધાને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી તા. ૦૩-૦૬-૨૦૨૫ ના પત્ર નં. એલ.આઈ.બી./જા.ના./૧૯૯૯/૨૦૨૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયાર બંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૬-૦૬-૨૦૨૫ થી તા. ૦૫-૦૭-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી કોઈએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહી.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહી.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી કે બાળવા નહી.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(૬) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલમાં તથા એમ. પી. શાહ મ્યુનિ. ટાઉન હોલમાં પ્રવેશવું નહી.

### : પરિશિષ્ટ :

**''જામનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''**

**આ જાહેરનામું નીચેની વ્યકિઓને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગરતો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાનાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ, તા. ૦૪ માહે જૂન-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૦૪ માહે જૂન, સને ૨૦૨૫.

**ભાવેશ એન. ખેર**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.20 10:26:05 IST